07, Mar 2019

CHETESHWAR PUJARA

સિટી SPORTS

# ઓસિ. સામે 92 રન, ચેતેશ્વરની શ્રેષ્ઠ ઇનિંગ

## ફક્ત રનના આધારે નહીં, કેવા સંજોગોમાં રન કર્યા તે મહત્ત્વનું છે : પિતા અરવિંદ પૂજારા



ચેતેશ્વર પૂજારા ટેસ્ટ ક્રિકેટમાં વૈશ્વિક સ્તરનો બેટ્સમેન બની ચૂક્યો છે. ભારતીય ટેસ્ટ ટીમનો આધારભૂત બેટ્સમેન ગણાતા ચેતેશ્વરે 68 ટેસ્ટમાં 51.18ની તોતિંગ બેટિંગ સરેરાશ 18 સદી સાથે કુલ 5426 રન નોંધાવ્યા છે. આ તકે તેના પિતા અને કોચ અરવિંદ પૂજારા પાસેથી એ જાણવાનો પ્રયાસ કર્યો હતો કે, તેમની દ્રષ્ટિએ ચેતેશ્વરની ટોપ ફાઈવ ઈનિંગ કઈ છે. તેમના કહેવા મુજબ આમતો પિતાની દ્રષ્ટિએ તેમના માટે ચેતેશ્વરની દરેક ઈનિંગ તેમના હૃદયની નજીક છે, પરંતુ એક કોચ તરીકે ફક્ત રનના આધારે તેઓ મૂલ્યાંકન ન કરી શકે કેવા સંજોગોમાં કેટલા રન ટીમ માટે કર્યા તે મહત્ત્વનું છે. વધુમાં તેમણે સચિનની નિવૃત્તિની ટેસ્ટમાં માસ્ટર બ્લાસ્ટર સાથે પીચ શેર કરવી તેમજ ચેતેશ્વરની પ્રથમ ટેસ્ટને પણ ખાસ ગણાવી હતી. આમ છતાં તેમણે પોતાને અત્યંત ગમતી ચેતેશ્વરની પાંચ ઈનિંગ્સ ખાસ અલગ તારવી છે.

## પિતાની દ્રષ્ટિએ પુત્રની આ છે શ્રેષ્ઠ પાંચ ટેસ્ટ મેચ ઇનિંગ્સ

### 1| 2017માં બેંગલોર ટેસ્ટની ઓસ્ટ્રેલિયા સામેની 92 રનની ઈનિંગ

મારી દ્રષ્ટિએ ચેતેશ્વરની બેસ્ટ ઈનિંગ 2017માં તેને ઓસ્ટ્રેલિયા સામે બેંગ્લુરુ ખાતેની શ્રેણીની બીજી ટેસ્ટમાં ફટકારેલા 92 રનની ઈનિંગ છે. આ એટલા માટે મને શ્રેષ્ઠ લાગે છે કે આ શ્રેણીની પહેલી ટેસ્ટ જે પૂણેમાં રમાઈ હતી તેમા પ્રવાસી ઓસ્ટ્રેલિયાએ ભારતને 333થી હરાવ્યું હતું. જેથી ભારત બેકફૂટ પર હતું. બીજી ટેસ્ટમાં પણ પ્રથમ ઈનિંગમાં ભારતના 189 રનના સ્કોર સામે ઓસ્ટ્રેલિયાએ 274 રન કરીને 87 રનની લીડ મેળવી હતી, ત્યારે બીજી ઈનિંગમાં ચેતેશ્વરના લડાયક 92 રનની ઈનિંગ રમી હતી. તેની સાથે રહાણેએ 52 તેમજ કે એલ રાહુલના 51 રન પણ મહત્ત્વપૂર્ણ સાબિત થયા હતા. ભારતે આ ટેસ્ટ 75 રનથી જીતી શ્રેણી બરાબરી પર લાવી હતી.

### 2| 2018 ઓસ્ટ્રેલિયા સામે એડિલેડમાં 123 રન

ચેતેશ્વરની સેકન્ડ બેસ્ટ ઈનિંગ હું ઓસ્ટ્રેલિયાની ધરતી પર તેણે 2018માં એડિલેડ ટેસ્ટમાં ફટકારેલા 123 રનની ઈનિંગને ગણું છું. જે ટેસ્ટમાં ભારતનો 31 રને વિજય થયો હતો. ઓસ્ટ્રેલિયાની ધરતી પર ભારતે શ્રેણીની પ્રથમ ટેસ્ટ જીતવાની સિદ્ધિ સૌપ્રથમ વખત મેળવી હતી. જેમાં પ્રથમ ઈનિંગમાં ભારતે ફક્ત 86 રનમાં 5 વિકેટ ગુમાવી દીધી હતી, ત્યારે વન-ડાઉન ઊતરેલા ચેતેશ્વરે 123 રન કર્યા હતા. જેની મદદથી ભારતે 250 રન નોંધાવ્યા હતા. સમગ્ર શ્રેણીનો આ ટર્નિંગ પોઈન્ટ હતો. મેન ઓફ ધ સિરીઝ બનેલા ચેતેશ્વરે આ શ્રેણીમાં વધુ બે સદી ફટકારી હતી જેમા શ્રેણીની અંતિમ ટેસ્ટમાં ચેતેશ્વરે 193 રન ફટકાર્યા હતા. આ ઈનિંગ કરતા પણ મને 123 રનની ઈનિંગ શ્રેષ્ઠ લાગી.

### 3| 2013 જહોનિસબર્ગ ટેસ્ટમાં દક્ષિણ આફ્રિકા સામે 153 રન

ચેતેશ્વરની મારી પસંદગીની ઈનિંગ્સમાં ત્રીજા ક્રમે હું દક્ષિણ આફ્રિકાના 2013ના પ્રવાસમાં જહોનિસબર્ગ ટેસ્ટના બીજા દાવમાં ફટકારેલા 153 રનની ઈનિંગને ગણું છું. સામાન્ય રીતે ભારતીય બેટ્સમેન માટે દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ એસિડ ટેસ્ટ મનાતો હતો. જેમાં પહેલાં જ ટેસ્ટમાં વિપરીત સંજોગો અને ડેલ સ્ટેન અને મોર્કલ જેવા બોલરો સામે સર્જાતા ભારે માનસિક દબાણનો સામનો કરીને બીજા દાવમાં ટીમને મજબૂત 421 રનના સ્કોરને એચિવ કરવામાં આ ઈનિંગ ભારે મદદ રૂપ સાબિત થઈ હતી. આ ટેસ્ટ અંતે ડ્રોમાં પરિણમ્યો હતો.

### 4| 2015માં શ્રીલંકા સામે કોલંબો ટેસ્ટમાં અણનમ 145 રન

ચેતેશ્વરની મારી પસંદગીની ચોથા ક્રમની ઈનિંગ તેણે 2015માં કોલંબો ટેસ્ટમાં ફટકારેલા અણનમ 145 રનને ગણું છું. આ ઈનિંગ એટલે મહત્ત્વપૂર્ણ છે કે તેમા ચેતેશ્વરે કેરી ધ બેટની સિદ્ધિ મેળવી હતી. ઓપનિંગમાં બેટિંગમાં આવેલો ચેતેશ્વર છેલ્લે સુધી અણનમ રહ્યો હતો. ભારતે પ્રથમ ઈનિંગમાં ફક્ત 119 રનમાં 5 વિકેટ ગુમાવી દીધી હતી. આવી કપરી પરિસ્થિતિમાં ફટકારેલી આ સદીને પગલે ટીમ સ્કોર 312 રન નોંધાયો હતો. ભારત આ ટેસ્ટમાં 117 રને વિજયી બન્યું હતું.

### 5| ચેતેશ્વરે ફટકારેલી કારકિર્દીની સૌપ્રથમ સદી

ચેતેશ્વરની સૌપ્રથમ ટેસ્ટ સદી મને હંમેશા રોમાંચિત કરે છે. 2010માં તેનું ટેસ્ટ મેચમાં પદાર્પણ નોંધાયું હતું. તેની કારકિર્દીની સૌપ્રથમ સદી 2012માં ન્યૂઝિલેન્ડ સામે નોંધાઈ હતી. ન્યૂઝિલેન્ડ સામેની શ્રેણીની પ્રથમ જ ટેસ્ટમાં તેણે પહેલી ઈનિંગમાં 159 ફટકાર્યા હતા. ભારતે આ ટેસ્ટમાં ન્યૂઝિલેન્ડને ફોલોઓન કરીને એક ઈનિંગ અને 115 રને શાનદાર વિજય મેળવ્યો હતો.

Courtesy: Divya Bhaskar